M.: 98252 0007
Dilip G. Patel
Advocate

Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building
Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinaga
Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 00

Ref :

Date :

# ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ

DILIP G. PATEL Advocate GANDHINAGAR

**વિષયઃ-** **ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ કુડાસણની સીમમાં આવેલ બ્લોક નં.૧૨૮ (જુના સર્વે નં.૧૭૪/૨) ની ૬૧૮૩ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૬ માં થતા તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૬૧ ની ૪૦૧૯ ચો.મી. રહેણાંકના હેતુની બીનખેતીની જમીન સંબંધે ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ.**

ઉપરોકત વિષયમાં જણાવેલ ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ કુડાસણની સીમમાં આવેલ બ્લોક નં.૧૨૮ (જુના સર્વે નં.૧૭૪/૨) ની ૬૧૮૩ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૬ માં થતા ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૬૧ ની ૪૦૧૯ ચો.મી. રહેણાંકના હેતુની બીનખેતીની જમીન સંબંધે તેના રેવન્યુ રેકર્ડના સંયુકત માલીક સહકબજેદાર પટેલ નારણભાઈ શંભુદાસ વિગેરેએ અમો પાસેથી ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતની સર્ટીફીકેટની માંગણી કરી અમોને નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડેલા.

૧. બ્લોક નં.૧૨૮ (જુના સર્વે નં.૧૭૪/૨) ના ૧૯૫૫-૫૬ થી ૨૦૦૪-૨૦૦૫ સુધીના ૭/૧૨ ના ઉતારાની પ્રમાણિત નકલોની ઝેરોક્ષ.

૨. બ્લોક નં.૧૨૮ (જુના સર્વે નં.૧૭૪/૨) ના તા.૪.૧૦.૨૦૧૨ ના રોજના ૭/૧૨ ના ઉતારાની ઝેરોક્ષ નકલ.

૩. એકત્રીકરણના તકતાની ઝેરોક્ષ નકલ.

૪. ગામ નમુના નં.૬ ની તમામ એન્ટ્રીઓ.

૫. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ.

૬. ઝોનીંગ સર્ટીફીકેટ, પાર્ટ પ્લાન તથા એફ ફોર્મની ઝેરોક્ષ નકલ.

ઉપરોકત દસ્તાવેજો અમોને પુરા પાડયા બાદ અમોએ સદરહુ જમીન સંબંધે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતનુ સર્ટીફીકેટ આપતા અગાઉ સદરહુ જમીન સંબંધે કોઈનો કોઈપણ

M.: 98252 00078

**Dilip G. Patel**
*Advocate*

*Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building, Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.*

*Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 006*

Ref : Date :

જાતનો લાગભાગ, હકક દાવો, હીત સંબંધ હોય તો તે સંબંધે પુરાવાસહીત રજુઆત કરવા સારૂ સંદેશ દૈનિક સમાચાર પત્રમાં તા.૧૪.૪.૨૦૧૩ ના રોજ પાના નં.૧૨ ઉપર જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ હતી અને ત્યારબાદ જાહેર નોટીસમાં ખેતીની જમીન શરતચુકથી લખાયેલ જેથી તેમાં સુધારો કરવા અંગે જાહેર નોટીસમાં સુધારાની નોટીસ તા.૧૯.૫.૨૦૧૩ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદરહુ જમીન પર કોઈપણ જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક દાવો, હીત સંબંધે તેમજ ખોરાકી પોષાકીનો હકક પોષાતો હોય તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેવા હકક દાવા સંબંધે પુરાવાસહીત વાંધા રજુ કરવા જાહેર જનતાને જાણ કરેલી. આ રીતે અમોએ જાહેર નોટીસ આપ્યા બાદ સદર જમીન સંબંધે આજદિન સુધી કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર કે હકક દાવા આવેલ નથી. અમોને સદરહુ જમીનના રેવન્યુ રેકોર્ડ ઉપરોકત વિગતે જણાવ્યા મુજબ પુરા પાડવામાં આવેલ છે તેની પૂરેપૂરી ચકાસણી કરેલ છે.

સદરહુ જમીન સૌપ્રથમ ઈશ્વરલાલ વિશ્વનાથની આવેલી હતી અને તેઓએ સદરહુ જમીન પટેલ છગનભાઈ કાકુદાસના વારસો ચુનીલાલ છગનદાસ, કેશવલાલ છગનદાસ અને વિષ્ણુભાઈ

છગનદાસને મોઢાના કરારથી વેચાણ આપેલ અને જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૩૧ થી પડી પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનને નામદાર સરકારના તા.૯.૧૨.૧૯૫૫ ના હુકમ નં.૩૩૫૫ આધારે ટુકડા તરીકે જાહેર કરેલ છે જે ટુકડા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭૨૯ થી તા.૨૭.૭.૧૯૫૬ ના રોજ પડેલ છે.

રેવન્યુ રેકર્ડ દર્શાવેલ ફેરફાર નોંધ નં.૧૦૨૩ બ્લોક નં.૧૨૮ ને લાગુ પડતી નથી.

ત્યારબાદ સદરહુ જમીન અંગે મે. મામલતદાર સાહેબ ખેડાના તા.૨૯.૫.'૬૧ ના હુકમ અનુસાર હીસ્સા પુરવણી નં.૧૦ આવવાથી જુના સર્વે નં.૧૭૪ ના બે હીસ્સા કરવામાં આવેલ જેમાં સર્વે નં.૧૭૪/૧ ની એ.૧–૨૦ ગુંઠા જમીન બાપુભાઈ જીવીદાસ તેમજ સર્વે નં.૧૭૪/૨ ની એ.૧–૨૧ ગુંઠા જમીન ચુનીલાલ છગનદાસ વિગેરેના હીસ્સા પુરવણી નં.૧૦ આવવાથી નોંધ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૦૨૪ થી

M.: 98252 00078
Dilip G. Patel
Advocate
Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building,
Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.
Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 006

Ref : Date :

તા.૧૯.૧.૧૯૬૬ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ કુડાસણ ગામે એકત્રીકરણ યોજના અમલમાં આવતા જુના સર્વે નં.૧૭૪/૨ ને બદલે બ્લોક નં.૧૨૮ ફાળવવામાં આવેલ અને જેના માલીક કબજેદાર તરીકે ચુનીલાલ છગનલાલ, કેશવલાલ છગનલાલ તથા વિષ્ણુભાઈ છગનલાલને ઠરાવવામાં આવેલ જે એકત્રીકરણની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૫૨૧ થી તા.૧૫.૬.૭૯ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૩૦.૧૦.૧૯૭૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ કુડાસણ ગામે એકત્રીકરણ યોજના અમલમાં આવતા બ્લોકમાં એકત્રીકરણ મુજબ ટુકડા દર્શાવવામાં આવ્યા છે અને તે મુજબ ટુકડાની નોંધ રેવન્યુ રેકર્ડ કરવામાં આવેલ છે જે ટુકડા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૫૨૨ થી તા.૧.૭.૧૯૭૯ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન તેમજ અન્ય જમીનો અંગે ભાઈઓ ભાગની અંદરોઅંદર વહેંચણી થવાથી સદરહુ જમીન કેશુભાઈ છગનભાઈના ભાગે આવેલ છે તેમજ અન્ય જમીનો અન્ય ભાઈઓના ભાગે આવેલ છે જે વહેંચણી અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૬૮૭ થી તા.૧૪.૧૨.૧૯૮૩ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૧.૯.૧૯૮૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન બારેમાસ પીયત થતી હોવાથી સદરહુ જમીનમાંથી પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર નં. પીઓ / જમીન / ટુકડા ધારા / વશી તા.૧૮.૭.'૯૦ ના પત્ર અન્વયે સદરહુ જમીનમાંથી ટુકડા કમી અંગેની એન્ટ્રી નં.૨૦૮૯ તા.૧૯.૧૧.'૯૦ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૧૯.૩.૧૯૯૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

રેવન્યુ રેકર્ડે દર્શાવેલ એન્ટ્રી નં.૨૪૮૮ બ્લોક નં.૧૨૮ ને લાગુ પડતી નથી.

M.: 98252 00078

# Dilip G. Patel

Advocate

Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building, Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.

Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 006

Ref : Date :

ત્યારબાદ કેશુભાઈ છગનભાઈ પટેલે સદરહુ જમીન રામાભાઈ શંભુદાસ પટેલ, નારણભાઈ શંભુદાસ પટેલ, ગોપાલભાઈ શંભુદાસ પટેલ તથા દશરથભાઈ શંભુદાસ પટેલને વેચાણ આપવાનુ નકકી કરી તે અંગેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના સબ રજીસ્ટ્રારશ્રી સમક્ષ અનુક્રમ નં.૩૪૭૮ થી તા.૧૭.૮.૨૦૦૨ ના રોજ રજી. કરી આપેલ અને તેવા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૩૧૯૨ થી તા.૨૪.૮.૨૦૦૨ ના રોજ પડેલ જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૨૦.૧૦.૨૦૦૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ હસ્તલિખિત રેકર્ડ તેમજ કોમ્પ્યુટરાઈઝ રેકર્ડનુ મેળવણુ કરવા અંગેની પ્રમોલગેશન અંગેની એન્ટ્રી નં.૫૧૭૦ તા.૨૯.૧.૨૦૦૯ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૨૭.૧૧.૨૦૦૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનમાં રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં કન્વર્ટ કરવા અંગેની અરજી કલેકટરશ્રી, ગાંધીનગરને કરતા તેઓએ તેમના હુકમ નં. એલએકયુ / તત્કાલ / બી.કે. / એસ.આર. / ૧૦૯ / ૨૦૧૨ / વશી / ૬૧૩૦ થી ૬૧૪૪ / ૨૦૧૨ થી

તા.૭.૧૨.૨૦૧૨ ના રોજ રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં કન્વર્ટ કરવા અંગેનો હુકમ કરેલ છે. જે હુકમની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭૦૭૯ થી તા.૩૧.૧૨.૨૦૧૨ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૨૨.૨.૨૦૧૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

અમોએ સને ૧૯૮૦ થી તા.૩૦.૪.૨૦૧૩ સુધી સદરહુ જમીન સંબંધે સબ રજીસ્ટ્રારશ્રી દસ્તાવેજ નોંધણી કચેરી, ગાંધીનગરમાં સને ૧૯૮૦ થી ૩૦.૪.૨૦૧૩ સુધીના ઉપલબ્ધ ચોપડાઓનુ ઈન્સ્પેકશન પાવતી નં.૨૦૧૩૦૪૮૦૧૩૪૫૨ તા.૩૦.૪.૨૦૧૩ ના રોજ કરેલ છે. જેમાં ઉપરોક્ત દર્શાવેલ વેચાણ વ્યવહાર સિવાય રામાભાઈ શંભુદાસ પટેલ વિગેરેએ સદરહુ જમીન સંબંધે તારણમાં મુકેલ નથી કે તે અંગે બોજાઓ ઉત્પન્ન કરેલ નથી તેમજ હસ્તાંતરને પાત્ર કોઈપણ પ્રકારના લખાણો, કરારો કોઈની પણ તરફેણમાં કરી આપેલ હોય તેવુ જણાઈ આવતુ નથી

અમોએ કરેલ ઈન્સ્પેકશન જોતાં સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડના સંયુકત માલીક સહકબજેદાર ભોગવટેદાર રામાભાઈ

M.: 98252 00078
Dilip G. Patel
Advocate
Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building, Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.
Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 006

Ref : Date :

શંભુદાસ પટેલ વિગેરેએ સદરહુ જમીન કોઈને પણ વેચાણ, ગીરો, બક્ષીસ કે હસ્તાંતરને પાત્ર લેખથી કરારોથી લખી આપેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈપણ જાતનો બોજો, ચાર્જ, લીયન ઉત્પન્ન થયેલ નથી. સદરહુ જમીન કોઈની પણ જામીનગીરી કે તારણમાં આપેલ નથી. સરકારશ્રી ધ્વારા અન્ય કોઈ સ્કીમ હેઠળ રીઝર્વેશનમાં મુકેલ નથી તેવુ અમોને પુરા પાડેલ રેવન્યુ રેકોર્ડના પુરાવા જોતાં જણાઈ આવેલ છે. જેથી મારી સમક્ષના ઉપલબ્ધ રેકર્ડ તેમજ રીપોર્ટ આધારે હું મારુ સર્ટીફીકેટ નીચે મુજબ આપું છું.

## સર્ટીફીકેટ

ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ કુડાસણની સીમમાં આવેલ બ્લોક નં.૧૨૮ (જુના સર્વે નં.૧૭૪/૨) ની ૬૧૮૩ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૬ માં થતા ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૬૧ ની ૪૦૧૯ ચો.મી. રહેણાંકના હેતુની બીનખેતીની જમીન રામાભાઈ શંભુદાસ પટેલ, નારણભાઈ શંભુદાસ પટેલ, ગોપાળભાઈ શંભુદાસ પટેલ અને દશરથભાઈ શંભુદાસ પટેલની સંયુકત માલીકી સહકબજા ભોગવટાની આવેલી છે તથા સદરહુ જમીન અંગે ટાઉન પ્લાનીંગ સ્કીમની જોગવાઈઓને બાધ

DILIP G. PATEL
Advocate
GANDHINAGAR

આવ્યા સિવાય સદરહુ જમીનના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ છે.

તારીખ : ૨૦.૫.૨૦૧૩.

ગાંધીનગર.

DGPatel

**દિલીપ જી. પટેલ**

એડવોકેટ

**નોંધ :-**

સને ૧૯૮૧, ૧૯૮૨, ૧૯૮૩, ૧૯૮૪, ૧૯૮૫, ૧૯૮૬, ૧૯૮૭, ૧૯૮૮,૧૯૮૯, ૧૯૯૦, ૧૯૯૨, ૧૯૯૩, ૧૯૯૪, ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૭, ૧૯૯૮, ૧૯૯૯, 2000, 2001 થી તા.૩૧.૩.૨૦૦૭ સુધીના સબ રજીસ્ટ્રારશ્રી, ગાંધીનગરના સર્ચના ચોપડા અસ્તવ્યસ્ત તથા ફાટી ગયેલ છે જેથી તેનુ ઈન્સ્પેકશન થઈ શકેલ નથી.

M.: 98252 00078
Dilip G. Patel
Advocate
Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building
Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.
Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 006

Ref :                                                    Date :

# ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ

**વિષયઃ-** **ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ કુડાસણની સીમમાં આવેલ બ્લોક નં.૧૨૯ (જુના સર્વે નં.૧૭૪/૧) ની ૬૦૬૫ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૬ માં થતા તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૬૨ ની ૩૯૪૨ ચો.મી. રહેણાંકના હેતુની બીનખેતીની જમીન સંબંધે ટાઈટલ રીપોર્ટ અને સર્ટીફીકેટ.**

DILIP G. PATEL Advocate GANDHINAGAR

ઉપરોકત વિષયમાં જણાવેલ ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ કુડાસણની સીમમાં આવેલ બ્લોક નં.૧૨૯ (જુના સર્વે નં.૧૭૪/૧) ની ૬૦૬૫ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૬ માં થતા ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૬૨ ની ૩૯૪૨ ચો.મી. રહેણાંકના હેતુની બીનખેતીની જમીન સંબંધે તેના રેવન્યુ રેકર્ડના સંયુકત માલીક સહકબજેદાર પટેલ નારણભાઈ શંભુદાસ વિગેરેએ અમો પાસેથી ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતની સર્ટીફીકેટની માંગણી કરી અમોને નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડેલા.

૧. બ્લોક નં.૧૨૯ (જુના સર્વે નં.૧૭૪/૧) ના ૧૯૫૫-૫૬ થી ૨૦૦૪-૨૦૦૫ સુધીના ૭/૧૨ ના ઉતારાની પ્રમાણિત નકલોની ઝેરોક્ષ.

૨. બ્લોક નં.૧૨૯ (જુના સર્વે નં.૧૭૪/૧) ના તા.૪.૧૦.૨૦૧૨ ના રોજના ૭/૧૨ ના ઉતારાની ઝેરોક્ષ નકલ.

૩. એકત્રીકરણના તકતાની ઝેરોક્ષ નકલ.

૪. ગામ નમુના નં.૬ ની તમામ એન્ટ્રીઓ.

૫. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ.

૬. ઝોનીંગ સર્ટીફીકેટ, પાર્ટ પ્લાન તથા એફ ફોર્મની ઝેરોક્ષ નકલ.

ઉપરોકત દસ્તાવેજો અમોને પુરા પાડયા બાદ અમોએ સદરહુ જમીન સંબંધે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતનુ સર્ટીફીકેટ આપતા અગાઉ સદરહુ જમીન સંબંધે કોઈનો કોઈપણ

M.: 98252 00078

**Dilip G. Patel**
**Advocate**

*Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building, Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.*

*Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 006*

Ref : Date :

જાતનો લાગભાગ, હકક દાવો, હીત સંબંધ હોય તો તે સંબંધે પુરાવાસહીત રજુઆત કરવા સારૂ સંદેશ દૈનિક સમાચાર પત્રમાં તા.૧૪.૪.૨૦૧૩ ના રોજ પાના નં.૧૨ ઉપર જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ હતી અને ત્યારબાદ જાહેર નોટીસમાં ખેતીની જમીન શરતચુકથી લખાયેલ જેથી તેમાં સુધારો કરવા અંગે જાહેર નોટીસમાં સુધારાની નોટીસ તા.૧૯.૫.૨૦૧૩ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદરહુ જમીન પર કોઈપણ જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક દાવો, હીત સંબંધે તેમજ ખોરાકી પોષાકીનો હકક પોષાતો હોય તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં તેવા હકક દાવા સંબંધે પુરાવાસહીત વાંધા રજુ કરવા જાહેર જનતાને જાણ કરેલી. આ રીતે અમોએ જાહેર નોટીસ આપ્યા બાદ સદર જમીન સંબંધે આજદિન સુધી કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર કે હકક દાવા આવેલ નથી. અમોને સદરહુ જમીનના રેવન્યુ રેકોર્ડ ઉપરોકત વિગતે જણાવ્યા મુજબ પુરા પાડવામાં આવેલ છે તેની પૂરેપૂરી ચકાસણી કરેલ છે.

સદરહુ જમીન અંગે ભાઈઓ ભાગની પટેલ બાપુભાઈ જીવીદાસ તથા પટેલ હરીભાઈ જીવીદાસે મોઢાના કરારથી વહેંચણી કરતા સદરહુ જમીન બાપુભાઈ જીવીદાસના ભાગે આવેલ છે જે

વહેંચણી અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૨૫૧ થી પડી પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનને નામદાર સરકારના તા.૯.૧૨.૧૯૫૫ ના હુકમ નં.૩૩૫૫ આધારે ટુકડા તરીકે જાહેર કરેલ છે જે ટુકડા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭૨૬ થી તા.૨૭.૭.૧૯૫૬ ના રોજ પડેલ છે.

રેવન્યુ રેકર્ડે દર્શાવેલ ફેરફાર નોંધ નં.૧૦૨૩ બ્લોક નં.૧૨૯ ને લાગુ પડતી નથી.

ત્યારબાદ સદરહુ જમીન અંગે મે. મામલતદાર સાહેબ ખેડાના તા.૨૯.૫.'૬૨ ના હુકમ અનુસાર હીસ્સા પુરવણી નં.૧૦ આવવાથી જુના સર્વે નં.૧૭૪ ના બે હીસ્સા કરવામાં આવેલ જેમાં સર્વે નં.૧૭૪/૧ ની એ.૧-૨૦ ગુંઠા જમીન બાપુભાઈ જીવીદાસ તેમજ સર્વે નં.૧૭૪/૨ ની એ.૧-૨૧ ગુંઠા જમીન ચુનીલાલ છગનદાસ વિગેરેના હીસ્સા પુરવણી નં.૧૦ આવવાથી નોંધ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૦૨૪ થી તા.૧૯.૧.૧૯૬૬ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

M.: 98252 00078
**Dilip G. Patel**
*Advocate*
*Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building, Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.*
*Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 006*

Ref :                                                                                Date :

ત્યારબાદ બાપુભાઈ જીવીદાસનુ અવસાન થવાથી તેઓના કાયદેસરના સીધી લીટીના વારસદાર તરીકે ચતુરભાઈ બાપુદાસનુ નામ વારસાઈ હકકે રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ જે વારસાઈ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૨૭૭ થી તા.૩૦.૧.૧૯૭૨ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૧.૩.૧૯૭૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનના ખાતેદાર ચતુરભાઈ બાપુદાસે કુડાસણ સેવા સહકારી મંડળી લી.માંથી રૂા.૩,૦૦૦/- નુ ધીરાણ લીધેલ હોવાથી રેવન્યુ રેકર્ડમાં બોજા અંગેની એન્ટ્રી નં.૧૩૬૫ તા.૨૩.૧૦.૧૯૭૫ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ કુડાસણ ગામે એકત્રીકરણ યોજના અમલમાં આવતા જુના સર્વે નં.૧૭૪/૧ ને બદલે બ્લોક નં.૧૨૯ ફાળવવામાં આવેલ અને જેના માલીક કબજેદાર તરીકે ચતુરભાઈ બાપુદાસ પટેલને ઠરાવવામાં આવેલ જે એકત્રીકરણની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૫૨૧ થી તા.૧૫.૬.૭૯ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત

અધિકારી ધ્વારા તા.૩૦.૧૦.૧૯૭૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ કુડાસણ ગામે એકત્રીકરણ યોજના અમલમાં આવતા બ્લોકમાં એકત્રીકરણ મુજબ ટુકડા દર્શાવવામાં આવ્યા છે અને તે મુજબ ટુકડાની નોંધ રેવન્યુ રેકર્ડ કરવામાં આવેલ છે જે ટુકડા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૫૨૨ થી તા.૧.૭.૧૯૭૯ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ ચતુરભાઈ બાપુદાસનુ અવસાન થવાથી તેઓના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે ગણપતભાઈ ચતુરભાઈ, મણીબેન તે ચતુરભાઈની વિધવા, પસાભાઈ ચતુરભાઈ, પુરીબેન ચતુરભાઈ, શાંતાબેન ચતુરભાઈ તથા નારણભાઈ ચતુરભાઈના નામો વારસાઈ હકકે રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ જે વારસાઈ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૮૫૪ થી તા.૨૮.૭.'૮૭ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૨૫.૯.'૮૭ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

M.: 98252 00078
**Dilip G. Patel**
*Advocate*
Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building,
Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.
Resi : Plot No. 1268/2, Sector : 3/A, Gandhinagar-382 006

Ref :                                                                 Date :

ત્યારબાદ સદરહુ જમીનના ખાતેદાર ગણપતભાઈ ચતુરભાઈએ કુડાસણ સેવા સહકારી મંડળી લી.માંથી લોન લીધેલ હોવાથી રેવન્યુ રેકર્ડમાં બોજા અંગેની એન્ટ્રી નં.૧૮૫૯ તા.૩૧.૭.'૮૭ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૨૫.૯.'૮૭ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન બારેમાસ પીયત થતી હોવાથી સદરહુ જમીનમાંથી પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર નં. પીઓ / જમીન / ટુકડા ધારા / વશી તા.૧૮.૭.'૯૦ ના પત્ર અન્વયે સદરહુ જમીનમાંથી ટુકડા કમી અંગેની એન્ટ્રી નં.૨૦૮૯ તા.૧૯.૧૧.'૯૦ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૧૯.૩.૧૯૯૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

રેવન્યુ રેકર્ડે દર્શાવેલ એન્ટ્રી નં.૨૧૪૩ તથા ૨૪૮૮ બ્લોક નં.૧૨૯ ને લાગુ પડતી નથી.

ત્યારબાદ સદરહુ જમીનના ખાતેદાર ગણપતભાઈ ચતુરભાઈએ કુડાસણ સેવા સહકારી મંડળી લી.માંથી લીધેલ તમામ ધીરાણ ભરપાઈ કરતા ધી કુડાસણ સેવા સહકારી મંડળી લી. ધ્વારા બોજા કમી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ અને તે

પ્રમાણપત્રને આધારે રેવન્યુ રેકર્ડમાં બોજા કમી અંગેની એન્ટ્રી નં.૩૧૪૨ તા.૭.૩.૨૦૦૨ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૨૬.૭.૨૦૦૨ ના રોજ પ્રમાણિત કરવાં આવેલ છે.

ત્યારબાદ ગણપતભાઈ ચતુરભાઈ વિગેરેએ સદરહુ જમીન રામાભાઈ શંભુભાઈ વિગેરેને વેચાણ આપવાનુ નકકી કરી તે અંગેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના સબ રજીસ્ટ્રારશ્રી સમક્ષ અનુક્રમ નં.૩૪૭૭ થી તા.૧૭.૮.૨૦૦૨ ના રોજ રજી. કરી આપેલ અને તેવા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૩૧૯૩ થી તા.૨૪.૮.૨૦૦૨ ના રોજ પડેલ જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૨૫.૯.૨૦૦૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ હસ્તલિખિત રેકર્ડ તેમજ કોમ્પ્યુટરાઈઝ રેકર્ડનુ મેળવણુ કરવા અંગેની પ્રમોલગેશન અંગેની એન્ટ્રી નં.૫૧૭૦ તા.૨૯.૧.૨૦૦૯ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૨૭.૧૧.૨૦૦૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

M.: 98252 00078
# Dilip G. Patel
Advocate

Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building, Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.

Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 006

Ref :

Date :

ત્યારબાદ સદરહુ જમીનમાં રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં કન્વર્ટ કરવા અંગેની અરજી કલેકટરશ્રી, ગાંધીનગરને કરતા તેઓએ તેમના હુકમ નં. એલએકયુ / તત્કાલ / બી.કે. / એસ.આર. / ૧૦૮ / ૨૦૧૨ / વશી / ૬૧૪૫ થી ૬૧૫૯ / ૨૦૧૨ થી તા.૭.૧૨.૨૦૧૨ ના રોજ રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં કન્વર્ટ કરવા અંગેનો હુકમ કરેલ છે. જે હુકમની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭૦૮૦ થી તા.૩૧.૧૨.૨૦૧૨ ના રોજ પડેલ છે જે નોંધ પ્રમાણિત અધિકારી ધ્વારા તા.૨૨.૨.૨૦૧૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

અમોએ સને ૧૯૮૦ થી તા.૩૦.૪.૨૦૧૩ સુધી સદરહુ જમીન સંબંધે સબ રજીસ્ટ્રારશ્રી દસ્તાવેજ નોંધણી કચેરી, ગાંધીનગરમાં સને ૧૯૮૦ થી ૩૦.૪.૨૦૧૩ સુધીના ઉપલબ્ધ ચોપડાઓનુ ઈન્સ્પેકશન પાવતી નં.૨૦૧૩૦૪૮૦૧૩૪૪૯ તા.૩૦.૪.૨૦૧૩ ના રોજ કરેલ છે. જેમાં ઉપરોકત દર્શાવેલ વેચાણ વ્યવહાર સિવાય રામાભાઈ શંભુદાસ પટેલ વિગેરેએ સદરહુ જમીન સંબંધે તારણમાં મુકેલ નથી કે તે અંગે બોજાઓ ઉત્પન્ન કરેલ નથી તેમજ હસ્તાંતરને પાત્ર કોઈપણ પ્રકારના લખાણો,

કરારો કોઈની પણ તરફેણમાં કરી આપેલ હોય તેવુ જણાઈ આવતુ નથી

અમોએ કરેલ ઈન્સ્પેકશન જોતાં સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડના સંયુકત માલીક સહકબજેદાર ભોગવટેદાર રામાભાઈ શંભુદાસ પટેલ વિગેરેએ સદરહુ જમીન કોઈને પણ વેચાણ, ગીરો, બક્ષીસ કે હસ્તાંતરને પાત્ર લેખથી કરારોથી લખી આપેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈપણ જાતનો બોજો, ચાર્જ, લીયન ઉત્પન્ન થયેલ નથી. સદરહુ જમીન કોઈની પણ જામીનગીરી કે તારણમાં આપેલ નથી. સરકારશ્રી ધ્વારા અન્ય કોઈ સ્કીમ હેઠળ રીઝર્વેશનમાં મુકેલ નથી તેવુ અમોને પુરા પાડેલ રેવન્યુ રેકોર્ડના પુરાવા જોતાં જણાઈ આવેલ છે. જેથી મારી સમક્ષના ઉપલબ્ધ રેકર્ડ તેમજ રીપોર્ટ આધારે હું મારુ સર્ટીફીકેટ નીચે મુજબ આપું છું.

## <u>સર્ટીફીકેટ</u>

ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ કુડાસણની સીમમાં આવેલ બ્લોક નં.૧૨૯ (જુના સર્વે નં.૧૭૪/૧) ની ૬૦૬૫ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૯ માં થતા ફાળવેલ

M.: 98252 00078
**Dilip G. Patel**
Advocate
Office : B/1, 2nd Floor, Taluka Kharid Vechan Sangh Building, Above Arbuda Medical Store, Civil Hospital Compound, Sector-12, Gandhinagar.
Resi : Plot No. 1268/2, Sector :3/A, Gandhinagar-382 006

Ref :

Date :

ફાઈનલ પ્લોટ નં.૬૨ ની ૩૯૪૨ ચો.મી. રહેણાંકના હેતુની બીનખેતીની જમીન રામાભાઈ શંભુદાસ પટેલ, નારણભાઈ શંભુદાસ પટેલ, ગોપાળભાઈ શંભુદાસ પટેલ અને દશરથભાઈ શંભુદાસ પટેલની સંયુકત માલીકી સહકબજા ભોગવટાની આવેલી છે તથા સદરહુ જમીન અંગે ટાઉન પ્લાનીંગ સ્કીમની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય સદરહુ જમીનના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે.

તારીખ : ૨૦.૫.૨૦૧૩.

ગાંધીનગર.

**દિલીપ જી. પટેલ**
એડવોકેટ

**નોંધ :-**
સને ૧૯૮૧, ૧૯૮૨, ૧૯૮૩, ૧૯૮૪, ૧૯૮૫, ૧૯૮૬, ૧૯૮૭, ૧૯૮૮,૧૯૮૯, ૧૯૯૦, ૧૯૯૨, ૧૯૯૩, ૧૯૯૪, ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૭, ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૦, ૨૦૦૧ થી તા.૩૧.૩.૨૦૦૭ સુધીના સબ રજીસ્ટ્રારશ્રી, ગાંધીનગરના સર્ચના ચોપડા અસ્તવ્યસ્ત તથા ફાટી ગયેલ છે જેથી તેનુ ઈન્સ્પેકશન થઈ શકેલ નથી.

DILIP G. PATEL
Advocate
GANDHINAGAR